# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યની વિધાનસભાની ખાલી પડેલી બે બેઠકો માટેની પેટા ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ - ભાજપે બે અને કોંગ્રેસે એક ઉમેદવારના નામની જાહેરાત કરી.**
2. **રાજ્યની 8 હજાર 326 ગ્રામ પંચાયતોની ચૂંટણીનું આજે જાહેરનામુ પ્રસિધ્ધ થશે.**
3. **N.F.S.A. કેવાઇસી માટે દાંતાના વહિવટદારે નિઃશુલ્ક ઘઉંનું વિતરણ કરીને અનોખુ અભિયાન શરૂ કર્યું.**
4. **GCAS પોર્ટલ મારફતે પ્રથમ તબક્કામાં સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં 61 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ નિશ્ચિત કર્યો.**
5. **એક સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
6. **આઇપીએલની ક્વોલિફાયર -ટુની મેચમાં મુંબઇ ઇડિયન્સને હરાવીને પંજાબ કિંગ્સ ફાઇનલમાં પ્રવેશ્યુ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BY ELECTION

રાજ્યમાં ખાલી પડેલી  વિધાનસભાની કડી અને વિસાવદરની બેઠકોની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે . આગામી 19 જૂને મતદાન થશે. ત્યારે ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટી અને  પ્રજાસત્તાક ડેમોક્રેટિક પાર્ટીએ ચૂંટણીની તૈયારીઓ કરી દીધી છે. આ વિધાનસભાની  ચૂંટણી માટે ભાજપે ગઇકાલે બે ઉમેદવારોની જાહેરાત કરી હતી જ્યારે કોંગ્રેસે એક  ઉમેદવાર જાહેર કર્યો હતો.. ભાજપે કડી માટે રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર માટે કિરીટ  પટેલના નામની જાહેરાત કરી છે. જ્યારે કોંગ્રેસે કડી માટે રમેશ ચાવડાની ઉમેદવાર  તરીકે જાહેરાત કરી છે. અગાઉ આપ અને પ્રજાસત્તાક ડેમોક્રેટિક પાર્ટીએ પોતાના  ઉમેદવારો જાહેર કરી દીધા છે.

---

# PANCHAYAT ELECTION

રાજ્યની આઠ હજાર 326  ગ્રામ  પંચાયતોની ચૂંટણી આગામી 22 જૂને યોજાનારી છે. રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર આજે ચૂંટણી માટેનું વિધિવત જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવશે. આ જાહેરનામુ પ્રસિદ્ધ થવાની સાથે જ  ઉમેદવારી પત્રક  ભરવાની મુદત પણ શરૂ થશે. કાર્યક્રમ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 9 જૂન છે. ફોર્મ ચકાસણી 10મી જૂન અને ફોર્મ પરત ખેંચવાની મુદત 11મી જૂન જાહેર થઈ છે. અહીં ઉલ્લેખનીય છે કે 22મી જૂનના

રોજ ઉક્ત તમામ ચૂંટણી માટે મતદાન થશે, જેની મતગણતરી 25 મી જૂનના રોજ થશે.

---

# AMBAJI E KYC

સસ્તા અનાજની દુકાનોમાં રાશનકાર્ડનું eKYC કરવા માટે સરકાર મહત્તમ પગલાં લઇ રહી છે ત્યારે આદિવાસી વિસ્તાર એવા અંબાજીને દાંતા પંથકના ગરીબ અને આદિવાસી લોકોમાં રાશનકાર્ડની eKYC કરવા માટેની જાગૃતિ લાવવા માટે અંબાજી ગ્રામપંચાયતના વહીવટદાર એન જે ચૌધરી એ એક અનોખી કામગીરી હાથ ધરી છે. તેઓ તેમના ખેતરમાં આ વખતે ઘઉંનો સારો પાક થતા તેમણે ગરીબ અને નિરાધાર લોકોને ઘઉંનુ નિઃશુલ્ક વિતરણ કરી રહ્યાં છે..

**(બાઈટ - એન જે ચૌધરી (વહીવટદાર,ગ્રા.પં. અંબાજી)**

---

# E KYC

રાજ્યમાં અત્યાર સુધીમાં 85 ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ થઇ ગયું છે. ત્યારે સાચા રેશનકાર્ડ ધારકોને અનાજનો લાભ આપવા સરકાર સતત પ્રયત્નશીલ છે..આ માટે કાર્ડ ધારકો હવે ઘરે બેઠા My ration app દ્વારા પણ e-KYCની સુવિધા ઉપલબ્ધ કરાવાઇ છે..

NFSA રેશનકાર્ડ ધારકોને સમયસર પૂરતો અનાજનો જથ્થો મળી રહે તે માટે સત્વરે e-KYC કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

જેથી e-KYCની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ NFSA રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર અનાજના જથ્થાનું સમયસર વિતરણ કરી શકાય.

---

# NFSA- FREE RATION DEADLINE EXTENDED

રાજ્ય સરકારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો –NFSA હેઠળ મફત અનાજ વિતરણ યોજનાની અવધિ 5 જૂન સુધી લંબાવી છે. અગાઉ આ યોજના 31 મે સુધી લાગુ હતી. તમામ લાભાર્થીને 5 જુન સુધીમાં યોજનાનો લાભ મેળવી લેવા ડાંગ જિલ્લા પુરવઠા તંત્રની યાદીમાં જણાવાયુ છે.

---

# CM LOK KALA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'ઇન્ડિયન ફોક કાર્નિવલ'માં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તેમણે સમી સાંજે લોકનૃત્યો તથા લોકસંગીતનો આસ્વાદ માણ્યો હતો.

મુખ્યમંત્રીએ લોકકલાના સંવર્ધન માટે આયોજિત આ કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત લોકકલા ફાઉન્ડેશનને અભિનંદન આપ્યા હતા અને સમગ્ર કલાજગતને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ઇન્ડિયન ફોક કાર્નિવલનો ત્રિદિવસીય આયોજનનો ગઈકાલે અંતિમ દિવસ હતો. પ્રથમ દિવસે ગુજરાતી નૃત્ય પ્રસ્તુતિઓ રજૂ થઈ હતી. મહોત્સવના બીજા દિવસે દેશભરના વિવિધ આદિજાતિ જૂથો દ્વારા વિશેષ નૃત્યો રજૂ કરાયાં હતાં, જ્યારે ત્રીજા દિવસે ભારતીય નૃત્ય મહોત્સવનું આયોજન કરાયું હતું, જેમાં ગુજરાત,

બંગાળ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, ઓડિશા સહિતના પ્રદેશોના નૃત્યો - લોકગીતો પ્રસ્તુત કરાયાં હતાં. આ રાષ્ટ્રીય સ્તરના મહોત્સવમાં સમગ્ર દેશભરમાંથી 1000થી વધુ લોકકલાકારો સહભાગી થયા હતા.

---

## GCAS – ADMISSION

શૈક્ષણિક વર્ષ 2025-26 માટે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે GCAS પોર્ટલ દ્વારા પહેલા તબક્કાના પહેલા ભાગની પ્રવેશ કામગીરી હેઠળ પ્રવેશ નિશ્ચિત કરાયા છે. અત્યાર સુધીમાં 61 હજાર 540 વિદ્યાર્થીઓએ પ્રવેશ નિશ્ચિત કર્યો છે. આ તબક્કાના આગામી 3 ભાગ હેઠળ આગળની પ્રવેશ કામગીરી હાથ ધરાશે. જયારે આવતીકાલથી પ્રવેશ માટેનો બીજો તબક્કો શરૂ થશે.

---

## ESSAY COMPETITION WITH VC

સરકાર 78-મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે યુવાનો માટે ત્રણ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી રહી છે , જેમાં નિબંધ , ચિત્ર અને સોશિયલ મીડિયા પ્રભાવકોની સ્પર્ધાનો સમાવેશ થાય છે. સાંભળીએ એક અહેવાલ.

### (V/C - SANSKRITI BHUNDIYA)

(આગામી સ્વતંત્રતા દિવસને લઈ કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાશે. પ્રથમ દ્વિભાષી સ્પર્ધાનો વિષય છે , 'ઓપરેશન સિંદૂર-આતંકવાદ સામે ભારતની નીતિને ફરીથી વ્યાખ્યાયિત કરવી'. સ્પર્ધાના ટોચના ત્રણ વિજેતાઓને દસ હજાર રૂપિયાનું રોકડ ઈનામ અને લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાની તક મળશે. ઈચ્છુક સહભાગીઓ

સ્પર્ધામાં ભાગ લેવા MY GOV વેબસાઇટની મુલાકાત લઈ શકે છે. બીજી સ્પર્ધામાં, સરકારે તમામ ઉભરતા સોશિયલ મીડિયા પ્રભાવકોને ભારતીય સ્વતંત્રતા સાથે સંકળાયેલા કોઈ પણ સ્મારક અને સ્થળની મુલાકાતનાં વીડિયો અને રીલ્સ બનાવવા આમંત્રિત કર્યા છે. ઈચ્છુક સહભાગીઓએ તેમના સોશિયલ મીડિયા પેજ પર રિલ અને વીડિયોને હેશટેગ #NewIndia #EmpoweredIndia અને #independenceday2025 સાથે પોસ્ટ કરવાના રહેશે. ટોચના ત્રણ વિજેતાઓને દસ હજાર રૂપિયાનું રોકડ ઇનામ મળશે. દરમિયાન , 'નયા ભારત સશક્ત ભારત" વિષય પર ચિત્ર સ્પર્ધા પણ યોજાશે. સ્પર્ધા વિશે વધુ માહિતી MY GOV વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે. ત્રણેય સ્પર્ધા માટે ભાગ લેવાની અંતિમ તારીખ 30 જૂન છે.

(સમાચાર વિભાગથી સંસ્કૃતિ ભુંડિયા, આકાશવાણી, અમદાવાદ.)

---

# STATE WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ઉત્તર-દક્ષિણ અને પૂર્વ ગુજરાતના સીમાડાના જિલ્લાઓ અને દક્ષિણ-પૂર્વ સૌરાષ્ટ્રના જિલ્લાઓના છૂટાછવાયા સ્થળ પર આજે તેમજ મંગળવાર અને બુધવારે દક્ષિણ સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની પણ સંભાવના છે.

---

# DANGS HANUMAN MANDIR

લોકોમાં વધુને વધુ ધાર્મિક ભાવના પ્રસરે અને ભક્તિતરફ વળે તેવા આશય સાથે ડાંગ જિલ્લામાં વધુ દસ હનુમાન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામા આવી છે.

ધાર્મિક અને સામાજીક સંસ્થા તેમજ વ્યાવસાયિક એકમોના સંયુક્ત ઉપક્રે ડાંગ જિલ્લાના ચીકટિયા, ઢાઢરા, કુકડનખી, દાબદર, બોરીગાંવઠા. કોશીમપાતળ, ધોધલપાડા, કુશમાળ, ચિંકાર, કોયલીપાડા એમ 10 ગામમાં હનુમાન મંદિરોનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

રાજ્ય સભાના સાંસદ એવા ગોવિંદ ધોળકિયાએ ડાંગના આશરે સવા બે લાખ વનવાસીઓના જીવન ઉત્થાન માટે 311 હનુમાન મંદિરો બાંધવાના સંકલ્પ સાથે હનુમાનજી મંદિર નિર્માણ યજ્ઞનો પ્રારંભ કર્યો હતો.

**(બાઈટ ગોવિંદ ધોળકિયા, સાંસદ-રાજ્યસભા)**

---

# DAMAN TOURISTS

ઉનાળું વેકેશનમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણ પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે. હાલ, ચોમાસા પૂર્વેની પ્રવૃત્તિઓનાં કારણે દમણના દરિયામાં ભરતી ચાલી રહી હોવાથી તમામ બીચ પર હજારોની સંખ્યામાં પ્રવાસીઓ જોવા મળે છે.

પ્રવાસીઓ ઐતિહાસિક કિલ્લાઓ , ચર્ચ અને એશિયાનું સૌથી મોટું પક્ષીઘર , નાઈટ માર્કેટ , ટોય ટ્રેન , ગો કાર્ટીંગ એડવેન્ચર સ્પોર્ટ્સ તેમજ વોટર સ્પોટ્સ સહિતના સ્થળોની મજા માણી રહ્યા છે. આ અંગે સુરતનાં પ્રવાસી ઇશિકા આઇસક્રીમ-વાલાએ પ્રતિક્રિયા આપીઃ

## (BYTE ISHIKA ICECREAMWALA)

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લિગ- IPL ટી-20 ક્રિકેટમાં પંજાબ કિંગ્સ ફાઈનલમાં પહોંચી ગઈ છે. પંજાબ કિંગ્સે ગત રાત્રે ક્વાલિફાયરની બીજી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સને પાંચ વિકેટે પરાજય આપ્યો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં મુંબઈની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 203 રન બનાવ્યા.

જવાબમાં પંજાબ કિંગ્સે 19 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી 207 રન બનાવી મેચ જીતી લીધી. પંજાબ કિંગ્સના સુકાની શ્રેયસ અય્યરે સૌથી વધુ અને અણનમ 87 રન બનાવ્યા. જ્યારે નેહાલ વઢેરાએ 48 રન બનાવ્યા. દરમિયાન શ્રેયસ અય્યરને પ્લેયર ઓફ ધી મેચ જાહેર કરાયા હતા. આ જીત સાથે જ પંજાબ કિંગ્સ આવતીકાલે અમદાવાદમાં રમાનારી ફાઈનલ મેચમાં રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે રમશે.